# દૂધ ઉત્પાદનમાં પણ ગુજરાત પાછળ ધકેલાયુ

**શ્વેતક્રાંતિનુ સર્જન કરનાર ગુજરાતમાં પશુપાલકોની હાલત કફોડી : દૂધની સહકારી મંડળીઓ રાજકારણનો અખાડો બની**

ગાંધીનગર, તા. ૨

વિકાસનુ રોલ મોડેલ ગણાતુ ગુજરાત હવે દૂધ ઉત્પાદનમાં પણ પાછળ પડી રહ્યુ હોવાના અહેવાલો ચિંતા ઉપજાવે છે. કૃષિ અને પશુપાલન ક્ષેત્રના ડબલ ડીજીટ વિકાસની આપણે ગમે તેટલી ગુલબાંગો ફેંકીએ પરંતુ હકીકત એ છે કે ગુજરાતના કૃષિકારો અને પશુપાલકો તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો મેળવવા ઝઝુમી રહ્યા છે. કૃષિક્ષેત્રની હાલત ધીમે ધીમે કથળતી જાય છે.

**સમયસર**

ભારતના મુખ્ય સાત રાજ્યોના ખેડૂતો હડતાલ પર છે. હરિયાણા, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળના ખેડૂતોએ દૂધ, શાકભાજી અને અનાજની આપૂર્તિ બંધ કરી દીધી છે. રસ્તા પર શાકભાજી અને દૂધ ફેંકીને વિરોધ થઈ રહ્યો છે. દસ દિવસ લાંબી હડતાલ ચાલી રહી છે તે સમયે જ ગુજરાતમાં દૂધ ઉત્પાદનમાં નોંધાયેલો ઘટાડો ચર્ચાનુ કેન્દ્ર બન્યા છે. છેલ્લા કેટલાય વર્ષોથી આપણે ગુજરાતના વિકાસના ગાણાં ગાઈ રહ્યા છીએ. ગુજરાતને વિકાસનુ રોલમોડેલ ગણાવી કેન્દ્રની સત્તા હસ્તગત કરી લેવાઈ... હજુ પણ ગુજરાતના વિકાસ મોડેલની ચર્ચાઓ ઠેર ઠેર કરાય છે પરંતુ વાસ્તવિકતા કંઈ ઓર જ છે. ગુજરાતના વિકાસ રથના પૈડામાં પંકચર પડ્યુ છે. નંબર વનનો દાવો હવે કરી શકાતો નથી. અનેક ઔદ્યોગિક મેળાવડાઓ યોજવા છતાં ગુજરાત ઉદ્યોગ ક્ષેત્રે પાછળ રહી ગયુ છે. ઉદ્યોગોની જેમ જ હવે દૂધ ઉત્પાદનમાં પણ ગુજરાત પાછળ પડી રહ્યુ છે જે સરકાર માટે ખૂબ જ નિરાશાજનક અને શરમજકન વાત છે.

શૈક્ષણિક, ઔદ્યોગિક, માનવ વિકાસ સૂચકાંક બાદ ગુજરાત દેશમાં દૂધ ઉત્પાદનક્ષેત્રે પણ પાછળ પડી રહ્યુ છે. છેલ્લા પાંચ વર્ષથી દેશમાં દૂધના ઉત્પાદનક્ષેત્રે ઉત્તરપ્રદેશ ટોચ પર છે. જ્યારે ગુજરાત ચોથા ક્રમે છે. પંજાબમાં વ્યક્તિદિઠ દૂધની ઉપલબ્ધતા પ્રતિ દિવસ ૯૬૧ ગ્રામ છે. હરિયાણામાં ૭૬૭ ગ્રામ, રાજસ્થાનમાં ૫૫૫ ગ્રામ અને ગુજરાતમાં માત્ર ૪૭૬ ગ્રામ છે. આવા જ કેટલાક કારણોસર કુપોષણ અને તંદુરસ્તીના મુદે પણ ગુજરાત પછાત હોવાની છાપ છે.

ગુજરાત શ્વેતક્રાંતિનુ સર્જન કરનાર છે. ગામડે ગામડે સહકારી મંડળીઓ સ્થાપી દૂધ ઉત્પાદનને વેગવાન બનાવાયુ છે. મહિલાઓ મોટા પ્રમાણમાં દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલી છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં સહકારીક્ષેત્રે રાજકારણ અને ભ્રષ્ટાચારનો પ્રવેશ થયો છે. સરકાર પણ યોગ્ય પગલાં લેતી ન હોઈ મહિલાઓ, પશુપાલકોની હાલત કફોડી બની છે. આ બધા જ કારણો ઉપરાંત ઘાસચારા અને પાણીની તંગીના કારણે ઘણા પશુપાલકો દૂધ ઉત્પાદન ક્ષેત્ર છોડી રહ્યા છે. જો આવી જ પરિસ્થિતિ રહેશે તો સ્થિતિ હજુ ગંભીર થવાની પુરી સંભાવના છે અને દૂધ ઉત્પાદન બાબતે આપણે અન્ય રાજ્યો પર અવલંબિત રહેવુ પડે તે દિવસો દૂર નથી.



અગમચેતી - વરસાદના આગમનના એંધાણ વર્તાતા જ ચોમાસા પૂર્વેની કામગીરી તંત્ર દ્વારા આરંભાઈ ચૂકી છે... સ્ટ્રોમ વૉટર પાઈપલાઈનમાં જાહેર માર્ગોનો કચરો ફસાય તો પાણી અટવાઈ જાય અથવા તો પાણી ભરાઈ જાય તેનાથી ભારે હાલાકી સર્જાય છે... પરંતુ અગમચેતીના પગલારૂપે શહેરના તમામ જાહેર માર્ગો પર સ્ટ્રોમ વૉટર લાઈનના સફાઈ પોઈન્ટ પર તાત્કાલિક ધોરણે કચરો હટાવવાની કામગીરી ચાલી રહી છે...

# પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે મનપા દ્વારા મેરેથોનનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે એક હાફ મેરેથોનનુ આયોજન કરવામાં આવ્યું છે.

સાંજે ૬.૩૦ વાગે આ મેરેથોન શરૂ થશે અને પથિકાશ્રમ થઈ ઘ-૩, ઘ-૪ થઈ સરદાર પટેલના સ્વર્ણિમ પાર્કના સ્ટેચ્યુ સુધી જશે. સાડા ત્રણ કિ.મી. જેટલુ અંતર આ મેરેથોનમાં નિયત કરાયુ છે. વિજેતાઓને મનપા દ્વારા ખાસ પ્રોત્સાહક પુરસ્કારો પણ એનાયત કરવામાં આવશે.

નાયબ મ્યુનિ. કમિશ્નર જે.બી. બારૈયાએ જણાવ્યું છે કે મેરેથોન માટે સાંજે છ વાગ્યા સુધીમાં મનપાની કચેરીએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને એક કેપ આપવામાં આવશે. ૫૦૦થી વધુ નાગરિકો આ મેરેથોનમાં જોડાશે.

**પ્લાસ્ટીકમુક્ત ગાંધીનગર અંગે વર્કશોપનું પણ મનપા દ્વારા આયોજન કરાયુ છે : બારૈયા**

તેમણે જણાવ્યુ હતુ કે ૫મી જૂનથી ૧૧મી જૂન દરમ્યાન પ્લાસ્ટીક વિરોધી અભિયાન તેમજ સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫ જૂને તમામ વોર્ડ કચેરીઓ ખાતે સ્વચ્છતા રેલીનું આયોજન છે.

આ ઉપરાંત ૬ જૂનો પ્લાસ્ટીકમુક્ત ગાંધીનગર અંગે એક ખાસ કાર્યશાળાનું આયોજન મનપાની મુખ્ય કચેરીના હોલમાં કરવામાં આવ્યુ છે.

૭મી જૂને પ્લાસ્ટીક છોડો પર્યાવરણ બચાવો થીમને લઈ બોરીજ જૈન મંદિર ખાતે ઈકો ફ્રેન્ડલી પ્રોજેક્ટ અંગે સેમિનાર યોજવામાં આવેલ છે. ૮મી જૂને શહેરના ચા તેમજ ફરસાણ અને ડેરીના વેપારીઓનો પણ એક વર્કશોપ યોજવામાં આવેલ છે. તેમણે જણાવ્યુ હતુ કે આ સપ્તાહ દરમ્યાન વિવિધ વોર્ડના જાહેર સ્થાનોની સ્વચ્છતા અંગે પણ ખાસ અભિયાન યોજવામાં આવનાર છે.

# ગાંધીનગર એસટી ડેપોને એક વર્ષમાં રૂ ૨૧.૯૫ કરોડની આવક

**ગત વર્ષની સાપેક્ષમાં ડેપોની આવક રૂ ૧૩ લાખ વધી પણ મુસાફરોની સલામતી અને સુવિધાઓના નામે મીંડુ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોએ ગત વર્ષની સાપેક્ષમાં રૂ ૧૩ લાખની વધુ આવક કરી છે. ગત વર્ષે એસ ટી ડેપોએ રૂ ૨૧.૮૨ કરોડની આવક કરી હતી. જયારે આ વર્ષેના અંતે ડેપોએ રૂ ૨૧.૯૫ કરોડની આવક મેળવી છે. જો કે વધુ આવક મેળવતા એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓને હજુ અપગ્રેડ કરવામાં નિરસતા સેવાઈ રહી છે. જયારે મુસાફરોની સલામતી વ્યવસ્થાના નામે પણ મીંડુ છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં મુસાફરો ડગલે ને પગલે દુવિધાઓનો સામનો કરી રહયા છે. જો કે આ દુવિધાઓ વચ્ચે પણ એસ ટી તંત્ર પ્રતિવર્ષ તગડી આવક મેળવે છે. ગત વર્ષ દરમિયાન અલબત્ત એપ્રિલ ૨૦૧૬ થી ૧૭ દરમિયાન ગાંધીનગર એસ ટી ડેપોએ રૂ ૨૧.૮૨ કરોડની આવક કરી છે. જયારે ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી ડેપોએ રૂ ૧૩ લાખની વધુ આવક કરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એપ્રિલ ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ દરમિયાન એસ ટી ડેપોએ રૂ ૨૧.૯૫ લાખની આવક કરી છે. આમ એસ ટી ડેપોની આવકમાં રૂ ૧૩ લાખની આવક વધુ કરી છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પ્રતિદિન ગાંધીનગર અમદાવાદ શહેરી રૂટમાં ૧૧૦ જેટલી બસોનુ સંચાલન કરવામાં આવે છે. સચિવાલયમાં ફરજ બજાવતા મહત્તમ કર્મચારીઓ અમદાવાદથી પોઈન્ટની બસ સેવાનો લાભ લે છે. જયારે આ ઉપરાંત ગાંધીનગરમાં આવતા મુલાકાતીઓના લીધે પણ વિવિધ બહારના રૂટની બસો પણ શરૂ કરવામાં આવી છે. લગ્ન વર્ધિ તેમજ અનેક વિધ કાર્યક્રમો તેમજ સરકારી સમારંભો માટે પણ એસ ટી બસ વિશેષ ઉપયોગમાં લેવાય છે. ગાંધીનગર એસ ટી ડેપોની વર્ષની તગડી આવકની સામે ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો અભાવ છે. ડેપો સંકુલમાં વર્ષોની રજુઆતના અંતે પણ મુસાફરોની સલામતી માટે પોલીસ ચોકી કાર્યરત થઈ નથી. જયારે આ સ્થિતિ વચ્ચે મુસાફરોના પીક પોકેટીંગ સહીતના કિસ્સાઓને અનુલક્ષી સિનિયર સિટીઝન્સ અને મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. આ ઉપરાંત એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજના પણ અધ્ધરતાલ છે.

# ગાંધીનગર તા.પં.ની રચનાને ત્રણ માસ બાદ પણ સમિતિની રચના અધ્ધરતાલ

**કારોબારી કે ન્યાય સમિતિની રચના અદ્ધરતાલ : સામાન્યસભા બોલાવવાને લઈ પણ અવઢવ કારણ કે સમિતિઓની રચનાનો મુદ્દો એજન્ડામાં સમાવવો પડે તેમ છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા પંચાયતની રચનાને ત્રણ માસ જેટલો સમય થઈ ગયા પછી પણ કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિની રનચાના થતાં વહીવટીય પ્રશ્નો ઉભા થવાની સાથે સાથે પંચાયત બેઠકની જોગવાઈઓનો પણ ભંગ થઈ રહ્યો હોવાથી હવે આ દિશામાં માર્ગદર્શન માંગવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

તાલુકા પંચાયતની રચના પછી તુરંત જ આ સમિતિઓની રનચા કરવા અંગે સમય મર્યાદા પંચાયત બેઠકમાં દર્શાવવામાં આવી છે પરંતુ હજુ સુધી આ દિશામાં કોઈજ નક્કર કાર્યવાહી ના થતાં મામલો ગુંચવાયેલો છે. આ પરિસ્થિતિમાં શું કાર્યવાહી કરવી તે અંગે જિલ્લામાંથી માર્ગદર્શન મેળવી આગળ વધવા માટે મન બનાવાયુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળી રહેલ છે.

તાલુકા પંચાયત પ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસના ૬ સભ્યો ગેરહાજર રહેતાં ભાજપે પાછલા બારણે સત્તા મેળવી લીધી છે. હવે સમિતિઓની રચના બાબતે ભાજપ ગેરહાજર રહેલા સભ્યો અને કોંગ્રેસ તેમજ બળવાખોરો વચ્ચે કંઈજ સમાધાનની ફોર્મ્યુલા બનતી નથી એટલે આખુય કોકડુ ગુંચવાયેલુ રહેવા પામ્યુ છે.

રાજકીય વર્તુળઓમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બે થી ત્રણ વખત અલગ અલગ બેઠકો થઈ હોવા છતાંય કોઈજ સમાધાન શક્ય બન્યુ નથી એટલે બન્ને મુખ્ય પક્ષોમાંથી કોઈ મગનુ નામ મરી પાડવા માટે તૈયાર થતુ નથી.

આમ આખોય મામલો ગુંચવાઈ જતાં તેની અસરો વહીવટીતંત્ર પર પડી રહી છે. ત્રણ મહિના જેટલો સમય થઈ ગયા બાદ હવે નવી સામાન્ય સભા બોલાવવાની થશે પણ આ મુદ્દો ઉકલ્યો ન હોવાથી બેઠક બોલાવવાને લઈ પણ અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે.

# જિલ્લામાં ૧૫ કિસ્સામાં શાળાઓને મંજુરી

**૩ કીસ્સામાં વર્ગ વધારાની દરખાસ્ત પણ માન્ય : ૭ માધ્યમિક અને ૮ ઉચ્ચતર માધ્યમિક નોન ગ્રાન્ટેડ શાળાઓને મંજુરી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર જિલ્લામાં ૩૨૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે. જયારે અન્ય ૭ કિસ્સામાં માધ્યમિક અને ૮ કિસ્સામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજુરી આપવામાં આવી છે. નોન ગ્રાન્ટેડ શાળાઓની દરખાસ્ત માન્ય રાખવા ઉપરાંત શાળાઓમાં વર્ગ વધારવા માટે પણ ૩ કિસ્સામાં શિક્ષણતંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવા માટે જિલ્લા શિક્ષણ તંત્રને અનેક રજુઆતો કરવામાં આવી હતી શાળાકક્ષાએ કરાયેલી આ રજુઆતો પૈકી માત્ર ત્રણ જ કિસ્સામાં મંજુરી આપવામાં આવી છે. અન્ય કિસ્સામાં વર્ગ વધારાની દરખાસ્ત નામંજુર કરવામાં આવી છે. જયારે આગામી શૈક્ષણિક વર્ષને અનુલક્ષી જિલ્લામાં નવી શાળાઓ શરૂ કરવા માટે આવેલી અરજીઓ પૈકી ૭ કિસ્સામાં માધ્યમિક અને ૮ કિસ્સામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે મંજુરી આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ૩૨૦ જેટલી છે. જયારે નવી શાળાઓ શરૂ થવાના લીધે નોન ગ્રાન્ટેડ શાળાઓની સંખ્યા વધશે. બોર્ડ કક્ષાએથી ધોરણ -૧૦ અને ૧૨ ના પરિણામો જાહેર કરી દેવાયા બાદ નગરની શાળાઓમાં હાલ પ્રવેશ પ્રક્રીયા તેજ ગતિએ ચાલી રહી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓનો ધમધાટ જોવા મળી રહયો છે. ત્યારે આગામી શૈક્ષણિક વર્ષને વેલકમ કરવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉત્સુક છે. જયારે શિક્ષણતંત્ર પણ જરૂરી તૈયારીમાં લાગી ગયુ છે.


JMP ના માર્ગદર્શન હેઠળ

ધોરણ-૧૦ માર્ચ ૨૦૧૮ માં ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

Admissions Open 2018-19
K.G. થી ધો. 12 કોમર્સ / આર્ટ્સ

Patel Dhanshree A-1 PR 99.94
Patel Vidhi A-1 PR 99.67
Jiyani Malay A-1 PR 99.56
Machhar Urvashi A-1 PR 99.25

Megha A-2 PR 99.21
Saman A-2 PR 99.13
Aastha A-2 PR 98.63
Aastha A-2 PR 98.53
Yash A-2 PR 98.42
Dhruvraj A-2 PR 98.37
Nikita A-2 PR 98.08
Chenab A-2 PR 97.89

Jaydeep A-2 PR 97.83
Dev A-2 PR 97.77
Krupa A-2 PR 97.00
Madhvi A-2 PR 96.53
Janak A-2 PR 96.45
Urvashi A-2 PR 96.45
Vikash A-2 PR 95.92
Pal A-2 PR 95.92

અનુભવ, આયોજન અને સચોટ માર્ગદર્શનનો પર્યાય એટલે....JMP

જગત સર [Maths & Sci.]
એમ.કે.સર [English]
પી.કે.સર [S.S]

A NEW ERA OF LEARNING JMP
Enjoy Learning With JMP at Gopalak Campus
95120 01222 ગ-૫ સર્કલ, સેક્ટર-૧૫, ગાંધીનગર



નાયક ભોજક જ્ઞાતિનું ગૌરવ



કેયા બિરેન નાયક
ધો.૧૦ - ૯૩ ટકા ● ૯૯.૭ પર્સેન્ટાઈલ

વ્હાલી દીકરી ચિ. કેયાને મળેલી ઝળહળતી સફળતા માટે અમારો પરિવાર તથા સમસ્ય નાયક ભોજક જ્ઞાતિ ગૌરવ અનુભવે છે. ચિ. કેયાની ઉજ્જવળ કારકિર્દી માટે અમારા શુભાશિષ પાઠવીએ છીએ...

નિર્મળાબેન (નીરૂબેન) વાસુદેવભાઈ નાયક (દાદી)
ડો. બિરેન નાયક
ડો. દર્શના નાયક



ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬



ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com